| ૧૪ | ૯ | સભાસદપણામાંથી ક્યારે છૂટી શકે :<br><br>કોઈપણ સભાસદ બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજૂરીથી બેંકનું સભાસદપણું છોડી શકશે પણ જ્યાં સુધી તે પોતે બેંકના દેવામાં હોય અથવા બીજી કોઈપણ રીતે બેંકની જવાબદારીમાં હોય અથવા બીજો સભાસદ દેવામાં હોય અને તેનો તે જામીન થયો હોય ત્યાં સુધી આવી મંજૂરી આપવામાં આવશે નહીં. તેમજ રાજીનામું આપનાર સભાસદને પરત કરવાની શેર ની રકમ કોઈ કાયમ તારીખ ૩૧ મી માર્ચના દિવસે બેંકના એકંદર ભરપાઈ થયેલા શેર ભંડોળના ૧૦ ટકાથી વધુ હોવી જોઈએ નહીં. | સભાસદપણામાંથી ક્યારે છૂટી શકે :<br><br>કોઈપણ સભાસદ બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજૂરીથી બેંકનું સભાસદપણું છોડી શકશે પણ જ્યાં સુધી તે પોતે બેંકના દેવામાં હોય અથવા બીજી કોઈપણ રીતે બેંકની જવાબદારીમાં હોય અથવા બીજો સભાસદ દેવામાં હોય અને તેનો તે જામીન થયો હોય ત્યાં સુધી આવી મંજૂરી આપવામાં આવશે નહીં. તેમજ રાજીનામું આપનાર સભાસદને પરત કરવાની શેરની રકમ અગાઉના વર્ષની ૩૧ મી માર્ચના દિવસે બેંકના એકંદર ભરપાઈ થયેલા શેર ભંડોળના ૧૦ ટકાથી વધુ હોવી જોઈએ નહીં. શેરમુડીના રિફંડ અંગે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની વખતો વખતની સૂચનાઓને આધીન રિફંડ આપવામાં આવશે. | શેરમુડીના રિફંડ અંગે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની વખતો વખતની સૂચનાઓનો અમલ કરવો જરૂરી હોવાથી. |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| ૧૫ | ૧૧(૭) | નવી જોગવાઈ | બેંકની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવી, સભાસદોમાં બેંક વિરુદ્ધનો અપ્રચાર કરવો, બેંકનો નાણાંકીય ખોટો વ્યય કરાવવા જેવી બેંક વિરુદ્ધની બદઈરાદાપુર્વક પ્રવૃતિ કરનાર સભાસદને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૩૬ મુજબ કાર્યવાહી કરી દુર કરી શકાશે. | બેંકની શાખ કે પ્રતિષ્ઠા વિરુદ્ધ બદઈરાદાપુર્વકનાં કૃત્યને અટકાવવા માટે |
| ૧૬ | ૧૪ | શેર ક્યારે, કોને અને કેવી રીતે વેચી શકાય :<br>કોઈપણ સભાસદ એક વર્ષ સુધી શેર ધારણ કર્યા બાદ બેંકના આ અંગેના નિયત ફોર્મ પર અરજી કરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજૂરી મળેથી પોતાના શેર બીજા સભાસદોને મોં બદલો કરી શકશે, મોં બદલો, ટ્રાન્સફર રાખનારનું નામ શેર બદલાના પત્રકમાં દાખલ થઈ શેર દીઠ રૂપિયા ૫-૦૦ પૈસા ટ્રાન્સફર ફી નહીં આપવામાં આવે ત્યાં સુધી મોં બદલો પૂરો થયો ગણાશે નહીં. પરંતુ કોઈપણ કારણસર બોર્ડને એમ જણાય કે અમુક વ્યક્તિ બેંકનો સભાસદ ન હોય તેના નામે શેર અથવા શેરો ટ્રાન્સફર કરવા એ બેંકના હિતમાં નથી તો કોઈપણ કારણ આપ્યા સિવાય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ટ્રાન્સફર અરજી નામંજૂર કરવા હક્કદાર રહેશે. વધુમાં બોર્ડને એમ જણાય કે શેર ટ્રાન્સફર કરનારને સદરહુ શેર ઉપર હક્ક નથી તો બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તે ટ્રાન્સફર કરવાની ના પાડી શકશે. જેના નામે શેર અથવા શેરો ટ્રાન્સફર કરવાના હશે તે પેટાનિયમ (૮) માં જણાવેલ લાયકાત ધરાવતો હોવો જોઈએ.<br>(અ) કોઈપણ સભાસદ પોતાના શેર બીજી વ્યક્તિને બોર્ડની સંમતિથી બદલો કરી શકે પણ જો તે વ્યક્તિ બેંકનો શેર હોલ્ડર અગર સભાસદ ન હોય તો તેની પાસેથી જુદી દાખલ ફી લેવામાં આવશે.<br>(બ) બોર્ડ ઓફ ડિરેક્ટર્સના કોઈપણ સભ્ય બેંકના પગારદાર અથવા બિન પગારદાર અમલદાર અથવા નોકર બેંક સિવાય બીજા કોઈ સભાસદ પાસેથી શેર ખરીદી કે વેચી શકશે નહીં. | શેર ક્યારે, કોને અને કેવી રીતે વેચી શકાય :<br>કોઈપણ સભાસદ એક વર્ષ સુધી શેર ધારણ કર્યા બાદ બેંકના આ અંગેના નિયત ફોર્મમાં અરજી કરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજૂરી મળેથી પોતાના શેર બીજા સભાસદોને ટ્રાન્સફર કરી શકશે. શેર દીઠ રૂપિયા ૧૦/-(દશ) અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નક્કી કરે તે મુજબ ટ્રાન્સફર ફી આપી શેર ટ્રાન્સફર કરી શકાશે. પરંતુ કોઈપણ કારણસર બોર્ડને એમ જણાય કે અમુક વ્યક્તિ બેંકનો સભાસદ ન હોય તેના નામે શેર અથવા શેરો ટ્રાન્સફર કરવા એ બેંકના હિતમાં નથી તો કોઈપણ કારણ આપ્યા સિવાય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ટ્રાન્સફર અરજી નામંજૂર કરવા હક્કદાર રહેશે. વધુમાં બોર્ડને એમ જણાય કે શેર ટ્રાન્સફર કરનારને સદરહુ શેર ઉપર હક્ક નથી તો બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તે ટ્રાન્સફર કરવાની ના પાડી શકશે. જેના નામે શેર અથવા શેરો ટ્રાન્સફર કરવાના હશે તે પેટાનિયમ (૮)માં જણાવેલ લાયકાત ધરાવતો હોવો જોઈએ.<br>(અ) કોઈપણ સભાસદ પોતાના શેર બીજી વ્યક્તિને બોર્ડની સંમતિથી ટ્રાન્સફર કરી શકે પણ જો તે વ્યક્તિ બેંકનો શેર હોલ્ડર અગર સભાસદ ન હોય તો તેની પાસેથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સએ નક્કી કરેલ જુદી દાખલ ફી લેવામાં આવશે.<br>(બ) બોર્ડ ઓફ ડિરેક્ટર્સના કોઈપણ સભ્ય, બેંકના પગારદાર અથવા બિન પગારદાર અમલદાર અથવા કર્મચારી બેંક સિવાય બીજા કોઈ સભાસદ પાસેથી શેર ખરીદી કે વેચી શકશે નહીં.<br>(ક) કોઈપણ સભાસદ બેંકના પેઈડઅપ શેર કેપિટલના વીસ ટકાથી વધારે શેર ધારણ કરી શકશે નહિ.<br>(ડ) સભાસદે જે તે નાણાકીય વર્ષમાં જેટલાં સમય માટે શેર ધારણ કર્યા હશે તે પ્રમાણે ડિવિડન્ડ મેળવવા માટે તે હક્કદાર રહેશે. | ૧. વહીવટી અનુકૂળતા માટે<br>૨. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૯ અને નિયમ-૧૭ સાથે સુસંગતતા માટે. |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| ૧૭ | ૧૫- અ | નવી જોગવાઈ | જો કોઈ શેરસર્ટિફિકેટ ફાટી જાય, ઘસાઈ જાય, નાશ પામે કે ખોવાઈ જાય તો તેને બદલે શેર સર્ટિફિકેટ દીઠ રૂપિયા ૫૦/- (પચાસ) અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નક્કી કરે તે મુજબ ફી લઈને ડુપ્લીકેટ સર્ટિફિકેટ કાઢી આપવામાં આવશે. પરંતુ તેવું સર્ટિફિકેટ ફાટી ગયેલ છે કે ખોવાઈ ગયેલ છે કે ઘસાઈ જાય તેનો પુરાવો સંચાલક મંડળને પ્રતીતિજનક આપવો જરૂરી બનશે. અથવા એવા પુરાવાને આધારે શેર સર્ટિફિકેટ ન હોવાનો એકરાર સંચાલક મંડળને લખી આપે તો તે યોગ્ય અને પૂરતો પુરાવો ગણાશે. | વહીવટી અનુકૂળતા માટે |
| ૧૮ | ૧૭(૪) | આવી નિમણૂંક નોંધવા સારું અથવા તેને પાછળથી રદ કરવા સારું અગર તેમાં ફેરફાર કરવા સારું રૂપિયા ૦-૫૦ પૈસા ફી લેવામાં આવશે. | આવી નિમણૂંક નોંધવા સારું અથવા તેને પાછળથી રદ કરવા સારું અગર તેમાં ફેરફાર કરવા સારું રૂ.૫/-(પાંચ) અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નક્કી કરે તે મુજબ ફી લેવામાં આવશે.<br><br>જોકે પ્રથમ નિમણૂંક નોંધવા માટે કોઈપણ જાતની ફી લેવામાં આવશે નહીં. | આ ફી ઘણા લાંબા સમય પહેલાં નક્કી કરવામાં આવી હતી અને નજીવી રકમની હોવાથી વધારો કરવો જરૂરી છે અને ભવિષ્યમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત પ્રવેશ ફીની રકમમાં ફેરફાર કરી શકે તે વહીવટી અનુકૂળત માટે. |
| ૧૯ | ૨૦(૫) | આવતા વર્ષ સારું બેંકના હિસાબ તપાસવા સારું ઓડિટરની નિમણૂક કરવી અને તેનું મહેનતાણું નક્કી કરવું | આવતા વર્ષ સારું બેન્કના હિસાબ તપાસવા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની પૂર્વ મંજૂરીથી વૈધાનિક ઓડિટરની નિમણુંક કરવી અને તેનું મહેનતાણું નકકી કરવું. | રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની પૂર્વ મંજૂરી જરૂરી હોવાથી. |
| ૨૦ | ૨૦(૮) | કોઈપણ સભાસદ સાધારણ સભાની તારીખથી ૭ દિવસ અગાઉ બેંકના કામકાજ સંબંધી ઠરાવ મેનેજીંગ ડીરેક્ટર કે મેનેજર ઉપર મોકલી આપે તો તે વાર્ષિક સાધારણ સભાના એજંડામાં દાખલ કરવો. | કોઈપણ સભાસદ વાર્ષિક સાધારણ સભાની તારીખથી સાત દિવસ અગાઉ બેંકના નાણાંકીય હિસાબો સંબંધિત માહિતી કે ખુલાસા જોઈતા હોય તો લેખીત અરજી મેનેજીંગ ડીરેકટર કે મેનેજરને મોકલવાની રહેશે. | વાર્ષિક સાધારણ સભાનો એજન્ડા ૧૪ દિવસ અગાઉ ઈસ્યુ કરવાનો હોય છે જેથી આવી બાબતોનો સમાવેશ એજંડામાં કરી શકાય નહીં. |
| ૨૧ | ૨૦(૧૦) | નવી જોગવાઈ | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની વખત તો વખતની માર્ગદર્શક સૂચનાઓને આધીન કોમ્પ્રોમાઈઝ અને ટેકનિકલ રાઈટ ઓફ માટેની નીતિ ઘડવી. | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના તા. ૦૮/૦૬/૨૦૨૩ના સર્ક્યુલર મુજબ |
| ૨૨ | ૨૧(૪)અ | નવી જોગવાઈ | રજીસ્ટ્રારશ્રીની માંગણીથી | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૭૮ સાથે સુસંગતતા માટે. |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| ૨૩ | ૨૧(૫) | સભાસદોની એકંદર સંખ્યાના ૧/૫ સભાસદોની સહીથી બેંકના ચેરમેનને લેખિત માંગણી મળેથી ૩૦ દિવસની અંદર આવી સભા બોલાવવાની બેંકના ચેરમેનશ્રી ની ફરજ રહેશે. ઉપરની પેટા કલમ ૨-૩-૫ માં જણાવેલ કારણોસર જો સભા સંબંધમાં ચેરમેનને ખબર થયાના ૩૦ દિવસની અંદર આવી સભા બોલાવવાના પગલાં લીધા નહીં હોય તો ઠરાવ કરનાર અથવા માંગણી વ્યક્તિ આવી ખાસ સભા બોલાવી શકશે. | સભાસદોની એકંદર સંખ્યાના ૧/૫ સભાસદોની સહીથી બેંકના ચેરમેનને લેખિત માંગણી મળેથી એક મહિનાની અંદર આવી સભા બોલાવવાની બેંકના ચેરમેનશ્રીની ફરજ રહેશે.<br><br>ઉપરની પેટા કલમ ૨-૩-૪(અ)-૫ માં જણાવેલ કારણોસર જો સભા સંબંધમાં ચેરમેનને ખબર થયાના એક મહિનાની અંદર આવી સભા બોલાવવાના પગલાં લીધા નહીં હોય તો રજીસ્ટ્રારશ્રી આવી ખાસ સભા બોલાવી શકશે. | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૮ સાથે સુસંગતતા માટે. |
| ૨૪ | ૨૬ | સાધારણ સભા અગર ખાસ સાધારણ સભામાં રજીસ્ટ્રારશ્રીની મંજૂરી સિવાય નીચેના ઠરાવો થઈ શકશે નહીં.<br><br>(૧) જે ઠરાવથી ડીરેક્ટરોની ચૂંટણીમાં ફેરફાર થતો હોય અને તે ચૂંટણી થવા ને ૬ માસ પૂરા થયા ન હોય.<br><br>(૨) જે ઠરાવથી કોઈ આગળ થયેલા ઠરાવ કે જેને વાર્ષિક અથવા તો ખાસ સાધારણ સભામાં પસાર થયાને ૬ માસ ન થયા હોય તે રદ થતો હોય. | જોગવાઈ રદ કરવી | ૧. ડીરેક્ટરોની ચુંટણીની બાબતમાં કોઈ તકરાર હોય તો બોર્ડ ઓફ નોમીનીઝ સમક્ષ દાદ માંગવાની હોય છે.<br>૨. જ્યારે કાયદામાં આ પ્રકારે ઠરાવ લાવવા બાબતે રજીસ્ટ્રારશ્રીની મંજુરી લેવી તેવી કોઈ જોગવાઈ નથી |
| ૨૫ | ૨૭(૨) | જે શખ્સ તા. ૩૧મી માર્ચ અગાઉ બેંકના સભાસદ તરીકે દાખલ થયેલ હશે નહીં તો સાધારણ સભામાં યા બોર્ડની ચૂંટણીની બાબતમાં મત આપી શકશે નહીં. | જે શખ્સ તા. ૩૧મી માર્ચ અગાઉ બેંકના સભાસદ તરીકે દાખલ થયેલ હશે નહીં તો સાધારણ સભામાં મત આપી શકશે નહીં. | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૭(૩) સાથે સુસંગતતા માટે. |
| ૨૬ | ૨૭(૨)(અ) | નવી જોગવાઈ | જે વર્ષમાં ચુંટણી યોજાવાની હોય તેના અગાઉના સમગ્ર નાણાંકિય વર્ષ દરમિયાન સભાસદ ન હોય તે બોર્ડની ચૂંટણીમાં મત આપી શકશે નહીં. | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૭(૩) સાથે સુસંગતતા માટે. |
| ૨૭ | ૨૯(અ) | આ બેંકના પેટા કાયદામાં અન્યત્ર જણાવ્યું હોય છતાં બેંકની પ્રથમ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સંખ્યા ૧૫ ની રહેશે. ચૂંટણી પ્રથમ સામાન્ય સભા કરશે, આ બોર્ડ નિમણૂકની તારીખથી માંડીને તા. ૩૦-૦૬-૭૨ સુધી અથવા બીજી વાર્ષિક સાધારણ સભા મળે ત્યાં સુધીના સહકારી વર્ષથી વાર્ષિક સાધારણ સભાના સમય માટે હોદ્દા ઉપર રહેશે. ત્યારબાદ બેંકની સાધારણ સભાએ મંજૂર કરેલા અને મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત એ મંજૂર કરેલા ચૂંટણીના નિયમોને આધીન રહીને બોર્ડની ચૂંટણી કરવામાં આવશે અને તે બેંકનો વહીવટ સંભાળશે. | બેંકની સાધારણ સભાએ મંજૂર કરેલા ચૂંટણીના નિયમોને આધીન રહીને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી કરવામાં આવશે. | ૧. વહીવટી અનુકૂળતા માટે અને પ્રથમ ચૂંટણીની જોગવાઈની હવે જરૂર નથી.<br>૨. ચૂંટણીના નિયમો રજીસ્ટ્રારશ્રી દ્વારા મંજૂર કરાવવાના ન હોવાથી |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| ૨૮ | ૨૯(બ) | બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ૧૮ સભ્યોનું રહેશે. ૧૦ સભ્યોની હાજરીથી કોરમ થયેલું ગણાશે. વ્યવસ્થાપક સમિતિની સભ્યોની બનેલી સમિતિમાં મહિલા માટે બે બેઠક, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ માંથી એક બેઠક અનામત રહેશે. વ્યવસ્થાપક સમિતિના ચૂંટાયેલા સભ્યોની મુદત ચૂંટણીની તારીખથી પાંચ વર્ષની રહેશે. અને નિયમ મુજબ હાલમાં વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી એકી સાથે કરવાની રહેશે અને નિવૃત્ત થતા વ્યવસ્થાપક સમિતિના સભ્યો ફરીથી ચૂંટાવવાને પાત્ર રહેશે, પાંચ વર્ષની મદદ પુરી થતા પહેલા ચૂંટણી કરવાની રહેશે. વ્યવસ્થાપક સમિતિમાં પ્રોફેશનલ ડિરેક્ટરોનો સમાવેશ ન થયો હશે તો વ્યવસ્થાપક સમિતિને જરૂરી પ્રોફેશનલ ડિરેક્ટરો તરીકે સહકારી કાયદા મુજબ કો. ઓપ્ટ કરવાની સત્તા રહેશે અને આવા કો. ઓપ્ટ કરાયેલા પ્રોફેશનલ ડિરેક્ટર્સની મુદત એક વર્ષની રહેશે. ચૂંટણીના પરિણામની વાર્ષિક સાધારણ સભામાં નોંધ લેવામાં આવશે. હોદ્દેદારોની મુદત ચૂંટણીની તારીખથી ૨.૫ વર્ષ (બે વર્ષ અને છ માસ) ની રહેશે. દર વર્ષે વાર્ષિક સાધારણ સભા પછી જુદી જુદી સમિતિઓ બનાવવાની રહેશે. | બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ૧૮ (અઢાર) સભ્યોનું રહેશે. ૧૦(દસ) સભ્યોની હાજરીથી કોરમ થયેલું ગણાશે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં મહિલા માટે બે બેઠક, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિમાંથી એક બેઠક અનામત રહેશે. બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાં ૫૧ ટકાથી ઓછા ના હોય તેટલા ડીરેક્ટરો બેન્કિંગ રેગ્યુલેશન એક્ટની કલમ 10A(2)(A) ની જોગવાઈઓ મુજબ વિશેષ જ્ઞાન અથવા વ્યવહારુ અનુભવ ધરાવતા હોવા જરૂરી રહેશે.<br>જો કોઈપણ સમયે આ નિર્ધારિત કરેલી જોગવાઈઓનું પાલન થતુ ન હોય તો બોર્ડ ઓફ ડીરેક્ટર્સે બોર્ડનું પુર્નગઠન (Re-Constitution) કરવું પડશે. જેથી ઉપરોક્ત જોગવાઈઓનું સંપુર્ણ પાલન સુનિશ્ચિત થઈ શકે. આ માટે કોઈપણ ડીરેક્ટર અથવા ડીરેક્ટરોને નિવૃત કરવાનું જરૂરી બને તો બોર્ડ ચિઠ્ઠી ઉપાડવાની (Draw of lots) નિર્ધારિત પદ્ધતિ દ્વારા નક્કી કરશે કે કયા ડીરેક્ટર અથવા ડીરેક્ટરો પદ પરથી નિવૃત થશે. બોર્ડમાં આ નિર્ણય તમામ ડીરેક્ટરો માટે બંધનકર્તા રહેશે.<br>કોઈ ડિરેક્ટર સતત દસ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યા બાદ, ફરીથી ડિરેક્ટર તરીકે ચૂંટણી, સહ-નિયુક્તિ (co-option) અથવા અન્ય કોઈપણ રીતે નિયુક્ત થવા માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષના ફરજિયાત "Cooling-off Period" પૂર્ણ કર્યા પછી જ પાત્ર ગણાશે. આ Cooling-off Period દરમિયાન તે ડિરેક્ટર, બેંકના સભ્ય / ગ્રાહક સિવાય અન્ય કોઈપણ હોદ્દા અથવા કોઈપણ રીતે બેંક સાથે જોડાયેલ રહી શકશે નહીં.<br>સ્પષ્ટીકરણ: સતત કાર્યકાળની ગણતરી કરતી વખતે, બેંકના બોર્ડ પર આપવામાં આવેલી કુલ સેવાકાળની ગણતરી કરવામાં આવશે, જેમાં ત્રણ વર્ષથી ઓછા વિરામ પહેલાંનો ડિરેક્ટર તરીકેનો સમયગાળો સામેલ રહેશે; પરંતુ ઓછામાં ઓછા ત્રણ વર્ષના વિરામ પહેલાંનો ડિરેક્ટર તરીકેનો સમયગાળો ગણવામાં લેવામાં આવશે નહીં.<br>ચૂંટાયેલા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત ચૂંટણીની તારીખથી પાંચ વર્ષની રહેશે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી એકી સાથે કરવાની રહેશે અને નિવૃત્ત થતા ડિરેક્ટર્સ ફરીથી ચૂંટાવવાને પાત્ર રહેશે, પાંચ વર્ષની મુદત પુરી થતા પહેલા ચૂંટણી કરવાની | ૧. વહીવટી અનુકૂળતા માટે<br>૨. બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ કલમ 10A(2)(A) ની જોગવાઈઓ અને અનુરૂપ જોગવાઈ Reserve Bank of India (Urban Co-operative Banks - Governance) Amendment Direction, 2026-RBI/DOR/2026-27/94DOR.GOV.REC.No.82/18.10.014/2026-27May 25, 2026 ને અનુરૂપ જોગવાઈ<br>3. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૫-E સાથે સુસંગતતા માટે. |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| | | | રહેશે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ઓછામાં ઓછા બે પ્રોફેશનલ ડિરેક્ટરો, એટલે કે, યોગ્ય બેંકિંગ અનુભવ (મધ્યમ/વરિષ્ઠ મેનેજમેન્ટ સ્તરે) અથવા કાયદા, એકાઉન્ટન્સી અથવા ફાઈનાન્સ ક્ષેત્રોમાં સંબંધિત વ્યાવસાયિક લાયકાત ધરાવતા ડિરેક્ટરોનો સમાવેશ ન થયો હશે તો બોર્ડ ઓફ ડિરેક્ટર્સને જરૂરી પ્રોફેશનલ ડિરેક્ટરો કો. ઓપ્ટ કરવાની સત્તા રહેશે અને આવા કો. ઓપ્ટ પ્રોફેશનલ ડિરેક્ટરોની મુદત એક વર્ષની રહેશે. જેમની ગણતરી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની કુલ સંખ્યામાં થશે નહિ આવા કો. ઓપ્ટ પ્રોફેશનલ ડિરેક્ટરોને હોદ્દેદારોની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર રહેશે નહિ. ચૂંટણીના પરિણામની વાર્ષિક સાધારણ સભામાં નોંધ લેવામાં આવશે.<br>હોદ્દેદારોની મુદત ચૂંટણીની તારીખથી ૨.૫ વર્ષ (બે વર્ષ અને છ માસ) ની રહેશે.<br>હોદ્દેદારો એટલે કે ચેરમેન અને વાઈસ ચેરમેન પોતાના હોદ્દા ઉપર અઢી વર્ષની એક એવી સતત બે ટર્મ માટે એટલે સતત પાંચ વર્ષ માટે જ હોદ્દો ધારણ કરી શકશે.<br>જેણે સતત બે મુદત માટે ચેરમેન કે વાઈસ ચેરમેનનો હોદ્દો ધરાવેલ હોય તે વ્યકિત તે હોદ્દો ધરાવવાનું બંધ કરે પછી બે ટર્મથી ઓછો નહી તેટલો સમયગાળો પૂરો થયા પછી તે હોદ્દો ધરાવવાને પાત્ર થશે. ટર્મ એટલે ચુંટણીની તારીખથી અઢી વર્ષની બનેલી મુદત.<br>દર વર્ષે વાર્ષિક સાધારણ સભા પછી જુદી જુદી સમિતિઓ બનાવવાની રહેશે. | |
| ૨૯ | ૩૦.૧. | ડિરેક્ટર થવાની લાયકાતો | ડિરેક્ટર થવાની અને ડિરેક્ટર તરીકે ચાલુ રહેવાની લાયકાતો. | ડિરેક્ટર થવાની જે લાયકાતો છે તે ડિરેક્ટર તરીકે ચાલુ રહેવા પણ જરૂરી હોવાથી |
| ૩૦ | ૩૦.૧. (ગ) | જેની પાસે પોતાના નામે કે કુટુંબીજનોના નામે (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ની માર્ગદર્શિકા તથા સહકારી કાયદા મુજબ) તથા જામીનદાર તરીકેનું બેંકનું લેણું જે નાણાંકીય વર્ષમાં ચૂંટણી થતી હોય તેના અગાઉના નાણાંકીય વર્ષના અંતે (૩૧ મી માર્ચ) તથા ૧ લી એપ્રિલથી શરૂ થતા નવા નાણાંકીય વર્ષનું જો ઉપરોક્ત હકીકતે ઉમેદવારી પત્રક ભરતી વખતે બેંકનું લેણું બાકી ન હોય. | જે સભાસદ બેંકનો અથવા રાજ્યની કોઈપણ સહકારી સંસ્થા અથવા કોઈપણ નાણાંકીય ધિરાણ સંસ્થાનો મૂળ કરજદાર અથવા જામીનદાર તરીકે મુદત વીતેલ બાકીદાર હશે અગર તો જેની પાસે પોતાના નામે કે કુટુંબીજનો (રીઝર્વ બેંકની વખતો વખતની માર્ગદર્શિકા મુજબ)ના નામે તથા જામીનદાર તરીકેનું બેંકનું લેણું ઉમેદવારી પત્રક ભરતી વખતે મુદતવીતી બાકી ન હોય. | અન્ય નાણાંકીય સંસ્થાઓના મુદતવીતી બાકીદારોને બેંકમાં ચૂંટણીમાં ભાગ લેતા રોકવા માટે |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| ૩૧ | ૩૦.૧.(ઝ) | નવી જોગવાઈ | વીસ હજારથી ઓછી ન હોય તેટલી રકમની ડીપોઝીટ બેન્કમાં જમા કરાવેલ હશે અને ડીરેકટર તરીકે જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી આવી ડીપોઝીટ જમા રાખવાની રહેશે. | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૫-ગ(૧)(ખ) સાથે સુસંગત કરવા |
| ૩૨ | ૩૦.૧.(ટ) | નવી જોગવાઈ | બેન્ક સાથે કરવામાં આવેલા કોઈ ચાલુ કરારમાં અથવા મંડળીએ વેચેલી કે ખરીદેલી કોઈ મિલકતમાં અથવા મંડળીમાં કરેલા કોઈ રોકાણ અથવા મંડળી પાસેથી લીધેલી કોઈ લોન સિવાય મંડળી સાથેની બીજી કોઈ લેવડ દેવડમાં, તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ કંઈ હિત સંબંધ ધરાવતો ન હોય, તો. | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ(કાનૂન)-૩૨ સાથે સુસંગતતા માટે. |
| ૩૩ | ૩૦.૧.(ઠ) | નવી જોગવાઈ | કાયદાની કલમ-૮૨ હેઠળ તેને જવાબદાર ઠરાવવામાં આવ્યો ન હોય, તો, અથવા | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ(કાનૂન)-૩૨ સાથે સુસંગતતા માટે. |
| ૩૪ | ૩૦.૧.(ડ) | નવી જોગવાઈ | કાયદાની કલમ-૯૧ હેઠળ, મેજીસ્ટ્રેટે ખર્ચની વસુલાત માટેનો કોઈ હુકમ તેની સામે કર્યો ન હોય, તો, અથવા | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ(કાનૂન)-૩૨ સાથે સુસંગતતા માટે. |
| ૩૫ | ૩૦.૧.(છ) | જો તેઓ અન્ય નાગરિક સહાકારી બેંકના, નાગરિક સહકારી શરાફ મંડળીના અગર આ બેંક જે પ્રકારનો ધંધો કરતી હોય તેના જેવો ધંધો કરતી પબ્લીક કે પ્રા. લી. કંપનીના સંચાલક મંડળમાં હશે અગર તેવી સંસ્થામાં હોદ્દો ધરાવતા હશે. તેઓએ નોમીનેશન ફોર્મ સાથે ગુજરાત રાજ્ય સહકારી કાયદાનો નિયમ નં. ૩૨(૨)(બ) અનુસાર રજીસ્ટ્રાર સહકારી મંડળીની મંજુરી રજુ કરી હોય. | જો તેઓ અન્ય નાગરિક સહકારી બેંકના, નાગરિક સહકારી શરાફ મંડળીના અગર આ બેંક જે પ્રકારનો ધંધો કરતી હોય તેના જેવો ધંધો કરતી પબ્લીક કે પ્રા. લી. કંપનીના સંચાલક મંડળમાં હશે અગર તેવી સંસ્થામાં હોદ્દો ધરાવતા હશે. તેઓએ નોમીનેશન ફોર્મ સાથે ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ ની કલમ ૩૨(૨)(ખ) અનુસાર રજીસ્ટ્રાર સહકારી મંડળીની મંજુરી રજુ કરી હોય. | ગુજરાત રાજ્ય સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ ની કલમ ૩૨ (૨) (ખ)ની સુસંગતતા માટે |
| ૩૬ | ૩૦.૧.(ઢ) | નવી જોગવાઈ | કાયદાની કલમ-૯૩ હેઠળ તેની સામે કોઈ હુકમ કર્યો ન હોય, તો, અથવા | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ(કાનૂન)-૩૨ સાથે સુસંગતતા માટે. |
| ૩૭ | ૩૦.૧.(ત) | નવી જોગવાઈ | કાયદાની કલમ-૧૪૭ હેઠળના ગુનાઓ પૈકી કોઈ ગુના માટે અથવા બેન્કની કોઈ મિલકતના સંબંધમાં ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૧૪ હેઠળ કોઈ ગુના બદલ દોષિત જણાયો ન હોય. | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ(કાનૂન)-૩૨ સાથે સુસંગતતા માટે. |
| ૩૮ | ૩૦.૧.(થ) | નવી જોગવાઈ | કાયદાની કલમ-૧૧૫ ઝ હેઠળના ગુના બદલ દોષિત જણાયો ન હોય | કાયદાની કલમ-૧૧૫-ગ(ખ)(૩) સાથે સુસંગત કરવા |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| ૩૯ | ૩૦.(૨)(૨) | સાધારણ સભામાં બહુમતીથી પૂરતા કારણોને લીધે તેને દૂર કરવામાં આવે | આ જોગવાઈ રદ કરવી | ચૂંટાયેલ ડિરેક્ટરને દૂર કરવાની સત્તા સાધારણ સભાને ના હોવાથી |
| ૪૦ | ૩૦.૨.(૧૦) | બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે કોઈપણ વ્યક્તિએ તા. ૩૧ મી માર્ચ સુધીમાં ઓછામાં ઓછો ૧ શેર ધારણ કરેલો હોવો જોઈએ. તેનાથી ઓછા શેર ધારણ કરનાર ચૂંટણીમાં ઊભા રહી શકશે નહીં. તથા તેઓ અન્ય નાગરિક સહકારી બેંકના નાગરિક શરાફી મંડળીના અગર આ બેંક જે પ્રકારનો ધંધો કરતી હોય તેના જેવા ધંધો કરતી પબ્લિક કે પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સંચાલક મંડળમાં અગર એવી સંસ્થામાં હોદ્દો ગુજરાત રાજ્યના સહકારી કાયદાના નિયમ ૩૨(૨)(બ) અનુસાર રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓની મંજૂરી મેળવ્યા સિવાય ધારણ કરશે તો તેઓ ચૂંટણીમાં ઊભા રહી શકશે નહીં. | બોર્ડ ઓફ ડીરેક્ટર્સના કોઈપણ ડીરેક્ટર અન્ય નાગરિક સહકારી બેંકનાં, નાગરિક શરાફી મંડળીનાં અગર આ બેંક જે પ્રકારનો ધંધો કરતી હોય તેના જેવો ધંધો કરતી પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સંચાલક મંડળમાં અગર એવી સંસ્થામાં હોદ્દો ગુજરાત રાજ્યનાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ નિયમો, ૧૯૬૫ ની કલમ ૩૨(૨)(ખ) મુજબ રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીની મંજૂરી મેળવ્યા સિવાય ધારણ કરશે તો તેને ડીરેક્ટર તરીકે ગેરલાયક ઠરાવવામાં આવશે. | ૧. ડિરેક્ટર થવાની લાયકાતોનો સમાવેશ પેટા નિયમ ૩૦.૧ માં કરવામાં આવેલ હોવાથી<br><br>૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૫ ની કલમ ૩૨(૨)(ખ) ના અમલીકરણ માટે |
| ૪૧ | ૩૮.(૨)(અ) | પેટા કાયદાની કલમ ૩૮(૧) અને (૨) માં જણાવેલ પ્રમાણે બેંકમાં ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર/મેનેજર/મેનેજિંગ ડાયરેક્ટર ની નિયુક્તિ, બરતરફી, રાજીનામું, સહકારી મંડળીઓના રજીસ્ટરશ્રી ની પૂર્વ મંજૂરી સિવાય કરી શકાશે નહીં. | પેટા કાયદાની કલમ ૩૮(૧) અને (૨) માં જણાવ્યા પ્રમાણે બેંકમાં ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર-મેનેજિંગ ડાયરેક્ટરની નિયુક્તિ, બરતરફી, રાજીનામું માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. | ૧. ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર/મેનેજર/મેનેજિંગ ડાયરેક્ટર ની નિયુક્તિ, બરતરફી, રાજીનામું માટે સહકારી મંડળીઓના રજીસ્ટરશ્રીની પૂર્વ મંજૂરી લેવાની જોગવાઈ જે કલમમાં છે તે કલમ એટલે કે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૬A નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગેર બંધારણીય ઠેરવેલ હોવાથી અમલમાં નથી.<br>૨. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ૨૫ જૂન, ૨૦૨૧ ના RBI પરિપત્ર-RBI/2021-22/60DOR.GOV.REC.25/12.10.000/2021-22 સાથે સુસંગતતા લાવવા માટે |
| ૪૨ | ૩૮(૧૬) | બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ (૧૦,૧૯૫૦) એક્ટ એપ્લિકેશન ટુ કો.ઓ સોસાયટીની (કલમ નં.૬) માં દર્શાવેલ કામો પૈકી આ બેંકના ઉદ્દેશોને અનુલક્ષીને અન્ય કામો કરવા અને સાધારણ રીતે બેંકનું તમામ કામકાજ કરવું. | બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ (૧૦,૧૯૪૯) એક્ટ એપ્લિકેશન ટુ કોઓ સોસાયટીની (કલમ નં.-૬)માં દર્શાવેલ કામો પૈકી આ બેંકના ઉદ્દેશોને અનુલક્ષીને અન્ય કામો કરવા અને સાધારણ રીતે બેંકનું તમામ કામકાજ કરવું. | બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ (૧૦,૧૯૪૯) હોવાથી |
| ૪૩ | ૩૮.(૨૦) | જરૂરિયાતના પ્રસંગે વેતની નોકરોને એક માસના પગારથી વધુ નહી એટલી રકમ વ્યાજ વિનાના કરજ તરીકે અગાઉથી આપવી સદરહું કરજની રકમ વર્ષ પુરું થતા સુધીમાં ગમે ત્યારે નોકરને બેંકમાંથી મળનારી કોઈપણ રકમમાંથી (પગારમાંથી) કે અન્ય રીતે વસુલ કરી લેવાની બેંકને સત્તા રહેશે. તેમજ કર્મચારીઓને પોતાના રહેઠાણ માટે સ્થાવર મિલ્કત ખરીદ કરવા અગર બાંધવા તથા ખરીદ કરેલ મિલ્કતને | જરૂરિયાતના પ્રસંગે વેતની કર્મચારીઆને એક માસના પગારથી વધુ નહી એટલી રકમ વ્યાજ વિનાના કરજ તરીકે અગાઉથી આપવી સદરહું કરજની રકમ વર્ષ પુરું થતા સુધીમાં ગમે ત્યારે કર્મચારીને બેંકમાંથી મળનારી કોઈપણ રકમમાંથી (પગારમાંથી) કે અન્ય રીતે વસુલ કરી લેવાની બેંકને સત્તા રહેશે. તેમજ કર્મચારીઓને પોતાના રહેઠાણ માટે સ્થાવર મિલ્કત ખરીદ કરવા અગર | વહીવટી અનુકુળતા માટે |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| | | બેંકનાં શાનગીરોમાં લઈને અથવા સ્થાવર મિલ્કત, હાઉસીંગ સોસાયટીમાં આવેલ હશે તો તે સંજોગોમાં તેને પહેલાં અગર બીજા શાનગીરોમાં લઈને ઓફીસર વર્ગના કર્મચારીને રૂા. ૧૫,૦૦,૦૦૦/- કલેરીકલ વર્ગના કર્મચારીને રૂા. ૧૨,૦૦,૦૦૦/- પટ્ટાવાળા વર્ગના કર્મચારીને રૂા. ૯,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ વધુમાં વધુ ૨૦ વર્ષ સુધીની મુદત માટે કરશે. આ પ્રકારના ધિરાણની શરતો અને વ્યાજનો દર બેંકની બોર્ડ વખતો વખત નક્કી કરશે. પરંતુ આવી લોનનો વ્યાજનો દર ૧૨% થી વધુ કરવામાં આવશે નહિ. આ પ્રકારનું ધિરાણ રૂા. ૮૦ લાખથી વધુ કરવામાં આવશે નહિં. | બાંધવા તથા ખરીદ કરેલ મિલ્કતને બેંકનાં શાનગીરોમાં લઈને અથવા સ્થાવર મિલ્કત, હાઉસીંગ સોસાયટીમાં આવેલ હશે તો તે સંજોગોમાં તેને પહેલાં અગર બીજા શાનગીરોમાં લઈને ધિરાણ વધુમાં વધુ ૨૦ વર્ષ સુધીની મુદત માટે કરશે. આ પ્રકારના ધિરાણની શરતો, વ્યાજનો દર અને ધિરાણ મર્યાદા બેંકની બોર્ડ વખતો વખત નક્કી કરશે. | |
| ૪૪ | ૩૯. | બોર્ડ ઓફ ડિરેક્ટરની ખાલી જગ્યા માટે : અકસ્માત અગર બીજા કારણોસર બોર્ડ ઓફ ડિરેક્ટર્સની જગ્યા ખાલી પડશે તો વાર્ષિક સાધારણ સભા મળતા સુધી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તે પૂરી શકશે અને તે રીતે ભરાયેલી જગ્યા બાકીની મુદત પૂરી થાય ત્યાં સુધી તે નિમણૂક લંબાવવા વાર્ષિક સાધારણ સભાની બહાલી મેળવશે. વાર્ષિક સાધારણ સભાને યોગ્ય લાગે તો બહાલી આપશે અગર બાકીની મુદત માટે ચૂંટણી કરી જગ્યા પુરવાનો નિર્ણય આપશે. | બોર્ડ ઓફ ડિરેક્ટરની ખાલી જગ્યા માટે : બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં, મૃત્યુ, દૂર કરવા, રાજીનામું અથવા અન્ય કોઈ કારણોસર જગા ખાલી પડે તો તે જગા, જે શેર સભાસદ ડીરેક્ટર થવાની લાયકાત ધરાવતો હોય તેવા શેર ધારકોમાંથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા જો ડીરેકટરોના બોર્ડની મુદત, મૂળ મુદતની અડધી કરતાં ઓછી હોય તો, જે વર્ગ અથવા કક્ષાના સભ્યોના સંબંધમાં, પ્રાસંગિક જગો ખાલી પડેલી હોય તેજ વર્ગ અથવા કક્ષાઓનાં સભ્યોમાંથી, આ પ્રાસંગિક ખાલી પડેલી જગા, જગા ખાલી પડયાની તારીખથી સાઈઠ દિવસમાં કો-ઓપ્શનથી ભરવી જોઈશે. જો ડીરેકટરોના બોર્ડની મુદતની બાકી મુદત, મૂળ મુદત કરતાં અડધી કરતાં વધુ બાકી હોય તો આવી પ્રાસંગિક ખાલી પડેલ જગો ચૂંટણીથી જ ભરવી જોઈશે. | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪. (૧C)(i) સાથે સુસંગતતા માટે. |
| ૪૫ | ૪૩-અ | નવી જોગવાઈ | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સૂચનાઓ અંતર્ગત દરેક નાણાકીય વર્ષ અંગે બેંકના હિસાબોના વૈધાનિક ઓડિટ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઓડિટર તરીકેની નિમણૂક માટેની દરખાસ્ત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મંજૂરી માટે મોકલવામાં આવશે અને જેને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ મંજૂરી આપી હશે તે ઓડિટર દ્વારા બેંકનું વૈધાનિક ઓડિટ કરાવવામાં આવશે.<br>નિયુક્ત કરેલ અન્વેષક (ઓડિટર) બેંકના હિસાબો અને દસ્તાવેજો-ખતોનું અન્વેષણ કરશે અન્વેષકને જરૂરી એવા તમામ | ૧. વૈધાનિક ઓડિટરની નિમણૂંક અંગે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સૂચનાઓનું પાલન કરવું ફરજિયાત હોવાથી.<br>૨. વૈધાનિક ઓડિટરે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની અને રજિસ્ટ્રારશ્રી વખતો વખતની સૂચનાઓ અને ડાયરેકશન મુજબ ઓડિટ કરવાનું હોવાથી |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| | | | ચોપડાઓ-રજીસ્ટરો અને ખતો-દસ્તાવેજો રજૂ કરવાની સંચાલક મંડળની ફરજ રહેશે.<br>વૈધાનિક ઓડિટરે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની અને રજિસ્ટ્રારશ્રી વખતો વખતની સૂચનાઓ અને ડાયરેકશન મુજબ ઓડિટ કરવાનું રહેશે. | |
| ૪૬ | ૪૬.૧. | બેંકના પોતાના સભાસદોને બજારની નાણાંની સ્થિતિ જોઈને બોર્ડે નક્કી કરેલા વ્યાજના દરે અને બોર્ડે ઘડેલા અને મંજૂર કરેલા નિયમોને આધીન રહીને બાંધી મુદતની લોન અગર ચાલુ ખાતા પર ઓવરડ્રાફ્ટ કલમ ૪૬(૨) થી ૪૬(૮) માં જણાવેલી જામીનગીરી પર તે પેટા કાયદામાં જણાવેલી હદમાં રહીને આપશે. બોર્ડે નક્કી કરેલા રોકડ શાખ વગેરેના નિયમો સોના-ચાંદીના તારણ ઉપર ધિરાણ કરવા બાબતના નિયમો અને માલ તારણ સામે ધિરાણ અંગેના નિયમોને મહેરબાન મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. જિલ્લા પંચાયત, જિલ્લા રજીસ્ટ્રાર સાહેબની મંજૂરી લેવી પડશે. | બેંકના પોતાના સભાસદોને બજારની નાણાંની સ્થિતિ જોઈને બોર્ડે નક્કી કરેલા વ્યાજના દરે અને બોર્ડે ઘડેલા અને મંજૂર કરેલા નિયમોને આધીન રહીને બાંધી મુદતની લોન અગર ચાલુ ખાતા પર ઓવરડ્રાફ્ટ કલમ ૪૬(૨) થી ૪૬(૧૦) માં જણાવેલી જામીનગીરી પર તે પેટા કાયદામાં જણાવેલી હદમાં રહીને આપશે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અને રજિસ્ટ્રારશ્રીની વખતો વખતની સૂચનાઓ અને ડાયરેકશન મુજબ બોર્ડે નક્કી કરેલા રોકડ શાખ વગેરેના નિયમો, સોના-ચાંદીના તારણ ઉપર ધિરાણ કરવા બાબતના નિયમો અને માલ તારણ સામે ધિરાણ અંગેનાં નિયમો મુજબ ધિરાણ કરવામાં આવશે. | ૧. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની વખતો વખતની સૂચનાઓ અને ડાયરેકશન મુજબ ધિરાણ કરવાનું હોવાથી<br>૨. ધિરાણ કરવા બાબતના નિયમો માટે મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. જિલ્લા પંચાયત, જિલ્લા રજીસ્ટ્રાર સાહેબની મંજૂરી જરૂરી ના હોવાથી |
| ૪૭ | ૪૬(૧૪) | ઉપરોક્ત કલમ ૪૬(૧) થી ૪૬(૧૦) માં દર્શાવેલ ધિરાણોમાં જુદા જુદા હેતુસરની ધિરાણ મર્યાદા ગમે તે હોય પરંતુ સભાસદની વ્યકિતગત અથવા ગૃપધિરાણની મર્યાદા વખતો વખતની રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા અનુસાર બોર્ડ ઓફ ડીરેકટર્સ નક્કી કરશે અને તે મુજબ વખતો વખત નિયમો બનાવશે અને તેને આધિન રહીને ધિરાણ કરી શકશે. | ઉપરોક્ત કલમ ૪૬(૧) થી ૪૬(૧૩) માં દર્શાવેલ ધિરાણોમાં જુદા જુદા હેતુસરની ધિરાણ મર્યાદા ગમે તે હોય પરંતુ સભાસદની વ્યકિતગત અથવા ગૃપધિરાણની મર્યાદા વખતો વખતની રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા અનુસાર બોર્ડ ઓફ ડીરેકટર્સ નક્કી કરશે અને તે મુજબ વખતો વખત નિયમો બનાવશે અને તેને આધિન રહીને ધિરાણ કરી શકશે. | (૧) વહીવટી અનુકુળતા<br>(૨) RBI ની વખતો વખત સુચનાઓ તથા ડાયરેકશન મુજબ ધિરાણ કરવાનું હોવાથી |
| ૪૮ | ૫૨(અ)(૫) | બેંકે કરેલા અને રજીસ્ટ્રારશ્રી એ મંજુર રાખેલા પ્રો.ફંડના નિયમો નીચે બેંકે સ્ટાફના પ્રો. ફંડમાં આપવાની ફાળાની રકમ. | બેંકે કરેલા પ્રો.ફંડના નિયમો નીચે બેંકે સ્ટાફના પ્રો. ફંડમાં આપવાની ફાળાની રકમ. | આવા નિયમો રજીસ્ટ્રારશ્રી દ્વારા મંજુર કરવાના હોતા નથી. |
| ૪૯ | ૫૨(અ)(૮) | છ માસ ઉપરાંતની મુદતનું વસુલાત ન આવી શકે તેવું વ્યાજ | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સૂચનાઓ પ્રમાણે જે ખાતા એન.પી.એ થયા છે તેનું વસૂલ ન આવેલ હોય તેનું વ્યાજ. | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સૂચનાઓ મુજબ જે વ્યાજ વસુલ આવેલ ન હોય તે આવક તરીકે લઈ ના શકાય તે માટે |
| ૫૦ | ૫૨(બ)(૧)(અ) | નવી જોગવાઈ | સહકારી કાયદાની કલમ-૬૭એ મુજબ ડૂબત લેણા અનામત ફંડ માટે કાઢવાની રકમ | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૬૭એ સાથે સુસંગતતા માટે. |

| અનુ ક્રમ | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા/વધારા પછી થતો પેટા કાયદો | સુધારા/વધારા ના કારણો |
|---|---|---|---|---|
| ૫૧ | ૫૨(બ)(૩)(અ) | નવી જોગવાઈ | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો, ૧૯૬૫ના નિયમોના નિયમ ૩૧-A મુજબ સભાસદ કલ્યાણ ફંડ માટે કાઢવાની રકમ. | ગુજરાત સહકારી મંડળીઓના નિયમો, ૧૯૬૫ના નિયમોના નિયમ ૩૧-A મુજબની જોગવાઈ. |
| ૫૨ | ૫૨(બ)(૪) | વસુલ થયેલા શેર ભંડોળના બે ટકા થી વધુ નહીં તેટલી રકમ તે વર્ષમાં "ધી ડિવિડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ" ખાતે જમા કરવામાં આવશે. આવું ફંડ વસૂલ થયેલા શેર ભંડોળના ૧૨ ટકા સુધી ભેગુ કરવામાં આવશે. ડિવિડન્ડ આપવા સિવાય રજીસ્ટ્રારશ્રીની પ્રથમ મંજુરી વિના આ ફંડમાંથી કોઈપણ રકમ ઉપાડવા દેવામાં આવશે નહીં. | આ જોગવાઈ રદ કરવી | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની RBI/2024-25/57DOR.CAP.REC.No.30/09.18.201/2024-25July 30, 2024 મુજબ ડિવિડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ કાઢવાનું ના હોવાથી |
| ૫૩ | ૫૯ | જિલ્લા રજીસ્ટ્રારશ્રીની અગાઉથી મંજૂરી મેળવી બેંક તેના કાર્યક્ષેત્રમાં બેંકની શાખા અને ઓફિસ ખોલી શકશે. | રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સૂચનાઓ મુજબ બેંક તેના કાર્યક્ષેત્રમાં બેંકની શાખા અને ઓફિસ ખોલી શકશે. | બેંક તેના કાર્યક્ષેત્રમાં બેંકની શાખા અને ઓફિસ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સૂચનાઓ મુજબ ખોલી શકે છે. |
| ૫૪ | ૬૦ | સ્થાનિક સરકારે નક્કી કરેલા નિયમોને પાત્ર રહીને પેટા નિયમોમાં સુધારો થઈ શકશે. પરંતુ એવા સુધારાની ખબર સભાસદોની સભા ભરવાની તારીખથી ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જોઈએ. સુધારો સહકારી કાયદાની કલમ ૬૬-૩ મુજબ નોંધવામાં આવે ત્યાર પછી જ અમલમાં આવશે | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અને ગુજરાત સહકારી મંડળીઓ નિયમો ૧૯૬૫ની જોગવાઈ મુજબ પેટા નિયમોમાં સુધારો થઈ શકશે. પરંતુ એવા સુધારાની ખબર સભાસદોની સભા ભરવાની તારીખથી ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જોઈએ. સુધારો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ મુજબ નોંધવામાં આવે ત્યાર પછી જ અમલમાં આવશે | ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ સાથે સુસંગતતા માટે |
| ૫૫ | ૬૧ | ડિરેકટરોની ચૂંટણીના માટેના નિયમો ડિરેકટરોનું બોર્ડ વખતો વખત રજિસ્ટ્રારશ્રીની સંમતિ લઈ નક્કી કરશે. | ડિરેકટરોની ચૂંટણીના માટેના નિયમો ડિરેકટરોનું બોર્ડ વખતો વખત સાધારણ સભાની સંમતિ લઈને નક્કી કરશે. | ચૂંટણીના નિયમો રજીસ્ટ્રારશ્રી દ્વારા મંજુર કરવાના ન હોવાથી |
| ૫૬ | પરિશિષ્ટ (બ) | પરિશિષ્ટ (બ) બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીના નિયમો (૧) થી (૨૬) | પેટા નિયમોમાંથી પરિશિષ્ટ (બ) બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીના નિયમો (૧) થી (૨૬) રદ કરવા. | ચૂંટણીના નિયમો રજીસ્ટ્રારશ્રી દ્વારા મંજુર કરવાના ન હોવાથી તે પેટા નિયમોનો ભાગ ન હોવો જોઈએ. |

## પરિશિષ્ટ – (બ)

## બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી માટેના નિયમો

**૧. વ્યાખ્યા–આ નિયમોમાં બીજી સ્પષ્ટ રીતે જણાવ્યું નહીં હોય તો–**

(૧) ‘કાયદો’ એટલે ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો - ૧૯૬૧.

(૨) ‘નિયમો’ એટલે ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫.

(૩) ‘પેટાનિયમો’ એટલે ધી માંડવી નાગરિક સહકારી બેંક લિ., માંડવી માન્ય પેટા નિયમો.

(૪) ‘ચૂંટણી અધિકારી’ એટલે બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા નીમવામાં આવેલ ચૂંટણી અધિકારી જેમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને આ માટે અધિકૃત કરેલ વ્યક્તિનો સમાવેશ થાય છે.

(૫) ‘મતદાર’ એટલે જે નાણાંકિય વર્ષમાં ચુંટણી યોજાનાર હોય તેની અગાઉના સમગ્ર નાણાંકિય વર્ષ માટે બેંકના સભાસદ હોય અને આવા સભાસદ તરીકે ચાલુ હોય તેવા સભાસદ અને મતદાર તરીકેની પાત્રતા ધરાવતા સભાસદ.

(૬) ‘બેંક’ એટલે ધી માંડવી નાગરિક સહકારી બેંક લિ., માંડવી.

**૨. ચૂંટણી કાર્યક્રમ/સમયપત્રક**

બેંકના ચૂંટણી કાર્યક્રમના સમયપત્રકમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

(૧) પ્રાથમિક મતદાર યાદી અને જે જગ્યાઓ માટે ચૂંટણી યોજવાની હોય તે જગ્યાઓ વિભાગ પ્રમાણે પ્રસિધ્ધ કરવી.

(૨) પ્રાથમિક મતદાર યાદી સામે વાંધા રજૂ કરવાની આખરી તારીખ અને સમય.

(૩) આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સમય.

(૪) ઉમેદવારીપત્રો આપવાની અને સ્વીકારવાની તારીખ, સમય અને સ્થળ.

(૫) મળેલ ઉમેદવારીપત્રોનાં નામો પ્રસિદ્ધ કરવાની તારીખ અને સમય

(૬) મળેલ ઉમેદવારીપત્રો ચકાસવાની તારીખ, સમય અને સ્થળ.

(૭) ચકાસણી બાદ માન્ય રહેલ ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સમય.

(૮) ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ.

(૯) ઉમેદવારોની આખરી યાદીની પ્રસિધ્ધિની તારીખ અને સમય.

(૧૦) મતદાનની તારીખ, સમય અને મતદાન મથકના સ્થળ.

(૧૧) મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ.

(૧૨) ચૂંટણીનું પરિણામ જાહેર કરવાની તારીખ અને સમય.

**૩. મતદાર યાદી**

(૧) જે નાણાંકીય વર્ષમાં ચૂંટણી યોજાવાની હોય તે નાણાંકિય વર્ષમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અગર તેણે નિમેલ ચૂંટણી અધિકારી દ્વારા નક્કી કરવામાં આવેલ સમયપત્રક મુજબ મત આપવાને લાયક સભાસદોની મતદાર યાદી તૈયાર કરવામાં આવશે અને ચૂંટણીનાં કાર્યક્રમ મુજબ તેની પ્રસિધ્ધિ શાખા તથા હેડ ઓફિસના નોટિસ બોર્ડ ઉપર કરવામાં આવશે આ મતદાર યાદીને પ્રાથમિક મતદાર યાદી ગણવામાં આવશે.

(૨) આ પ્રાથમિક મતદાર યાદી સામે જે કોઈ સભાસદને વાંધો હોય તેના કારણો સાથે પોતાનો લેખિત વાંધો જરૂરી આધાર સહ ચૂંટણીનાં કાર્યક્રમ મુજબ ચૂંટણી અધિકારીને રજૂ કરવાનો રહેશે.

(૩) ચૂંટણીનાં કાર્યક્રમ મુજબ નિયત સમય મર્યાદામાં આવેલ વાંધા અંગે જરૂર જણાયે સુનાવણી આપી ચૂંટણી અધિકારી યોગ્ય નિર્ણય કરી તેને અનુરૂપ મતદાર યાદીમાં ફેરફાર કરી આખરી મતદાર યાદી ચૂંટણીનાં કાર્યક્રમ મુજબ બેન્કની હેડ ઓફિસ અને શાખાના નોટિસ બોર્ડ પર પ્રસિધ્ધ કરશે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરવામાં આવેલ દરે આ આખરી મતદાર યાદીની નકલ આપવામાં આવશે.

(૪) બેંકના પેટા નિયમોમાં ઠરાવેલ લાયકાત ધરાવતા સભાસદોનો જ સમાવેશ આ મતદાર યાદીમાં કરવામાં આવશે.

(૫) બેંકના પેટા નિયમો ઉપરાંત નીચે મુજબની ગેરલાયકાત ધરાવતા સભાસદનો સમાવેશ મતદાર યાદીમાં કરવામાં આવશે નહીં.

(એ) જે સભાસદની બેંકની લોનના હપ્તા અગર વ્યાજ એક વર્ષ કે તેથી વધુ સમયથી મુદતવીતી બાકી હોય.

(બી) જે સભાસદ અન્ય કોઈપણ સહકારી સંસ્થાનો મુદતવીતી બાકીદાર હશે.

(સી) કોઈપણ સભાસદ ઉપર મુળ કરજદાર તરીકે લવાદી હુકમનામું થયું હશે અને તે હુકમનામાની રકમ વસૂલ કરવા માટે બેંકે તેની સામે વસૂલાતના પગલાં લીધા હશે તેવા.

(ડી) જો તે બેંકનો પગારદાર કર્મચારી કે અધિકારી હશે.

**૪. ચૂંટણી માટેની જગ્યાઓની જાહેરાત અને મતદાર વિભાગ.**

(એ) જેટલી જગ્યાઓની ચૂંટણી કરવાની હોય તેની જાહેરાત ચૂંટણી કાર્યક્રમ સાથે કરવામાં આવશે. જેની દરેક સભાસદને નોટીસ બોર્ડ અગર વર્તમાન પત્રમાં જાહેરાત કરી ખબર આપવામાં આવશે.

(બી) જ્યારે તમામ જગ્યાઓની ચૂંટણી એક સાથે કરવામાં આવે ત્યારે કુલ જગ્યાઓ પૈકી, દસ વ્યક્તિઓ જેમને નીચેનામાંથી એક અથવા વધુ બાબતોના સંદર્ભમાં વિશેષ જ્ઞાન અથવા વ્યવહારુ અનુભવ હોવો જોઈએ. જેમ કે : (i) એકાઉન્ટન્સી, (ii) કૃષિ અને ગ્રામીણ અર્થતંત્ર, (iii) બેંકિંગ, (iv) સહકાર, (v) અર્થશાસ્ત્ર, (vi) નાણાં, (vii) કાયદો, (viii) નાના પાયાના ઉદ્યોગ, (ix) અન્ય કોઈપણ બાબતનું વિશેષ જ્ઞાન અને વ્યવહારુ અનુભવ, જે રિઝર્વ બેંકના મતે ગણાય. જો કે ઉપરોક્ત દસ ડિરેકટરોની સંખ્યામાંથી, ઓછામાં ઓછા બે વ્યક્તિઓ કૃષિ અને ગ્રામીણ અર્થતંત્ર, સહકાર અથવા નાના પાયાના ઉદ્યોગ માટેની લાયકાત ધરાવતા હોવા જરૂરી છે. કુલ જગ્યાઓ પૈકી બે જગ્યા મહિલાઓ માટે અને એક જગ્યા અનુસુચિત જન જાતિ/જાતિ માટે અનામત રાખવામાં આવશે. જો આ રીતે ચૂંટણી થયા બાદ કોઈ કારણોસર કોઈ જગ્યા ખાલી પડે અને તે જગ્યા ચૂંટણીથી ભરવાની થાય તો જે વિભાગની જગ્યા ખાલી પડી તે જ વિભાગમાંથી આવી ખાલી પડેલ જગ્યા ભરાવામાં આવશે.

(સી) આવી અનામત જગ્યાઓ અને મતદાર વિભાગો બેન્કના પેટાનિયમ ૨૯(બ) ની જોગવાઈ મુજબ રહેશે. આ વિભાગો અને વિભાગ વાર ભરવાની જગ્યાઓની જાહેરાત ચૂંટણી કાર્યક્રમ સાથે કરવામાં આવશે. અને ચૂંટણી વ્યવસ્થિત રીતે અને ચુસ્તપણે નિયમ મુજબ થાય તે જોવાની ફરજ ચૂંટણી અધિકારીની રહેશે. અને તે હેતુ માટે જરૂરી બધા પગલા લેવાનો ચૂંટણી અધિકારીને અધિકાર રહેશે.

**૫. ઉમેદવારી કરવા માટેની પાત્રતા.**

૧. જે નાણાકીય વર્ષમાં ચૂંટણી યોજાવાની હોય તેના અગાઉના સમગ્ર ત્રણ વર્ષ માટે બેન્કના સભાસદ હોવા જોઈએ અને આવા સભાસદ તરીકે ચાલુ હોવા જોઈએ.

૨. એક વિભાગમાં નોંધાયેલા સભાસદ (અનામત બેઠકો સિવાયના સભાસદ) અન્ય વિભાગમાં ડિરેકટરની જગ્યા માટે ઉમેદવારી કરી શકશે નહિ.

૩. જે સભાસદ વ્યક્તિગત રીતે પોતાના એકલાના નામે શેર ધારણ કરતો હશે અને જે ૨૧ વર્ષથી ઓછી ઉંમરનો નહીં હોવો જોઈએ.

૪. જેની પાસે બેન્કના કરજનો હપ્તો અગર વ્યાજ જામીન અગર મૂળ કરજદાર તરીકે મુદતવીતી બાકી ન હોવી જોઈએ.

૫. જો ધિરાણ કોઈ ભાગીદાર પેઢી/કંપનીએ લીધું હોય તો આવું ધિરાણ મુદતવીતી બાકી ન હોવું જોઈએ. અન્યથા તેના ભાગીદાર/ડિરેક્ટર પેઢી/કંપની વતી ઉમેદવારી કરી શકશે નહીં.

૬. જે સભાસદ સામે નીતિની રૂએ હલકો ગણાતો ફોજદારી ગુન્હો અગર ગુન્હાઓ સાબિત થયા નહીં હોય તે સભાસદ ઉમેદવારી કરી શકશે.

૭. ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ના નિયમ-૩૨ની જોગવાઈ મુજબની લાયકાત ઉમેદવાર ધરાવતા હોવા જોઈએ અને એમાં જણાવેલ ગેરલાયકાત ધરાવતા ન હોવા જોઈએ.

૮. ઉમેદવાર બેન્કનો કોઈપણ દરજ્જાનો પગારદાર કર્મચારી કે અધિકારી ન હોવો જોઈએ.

૯. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની વખતો વખતની માર્ગદર્શક સૂચનઓ મુજબ ઉમેદવારના કોઈપણ ખાતા એન.પી.એ થયેલ ન હોવા જોઈએ.

૧૦. ઉમેદવાર અથવા તેના કુટુંબનો કોઈ સભ્ય જેમાં હિત ધરાવતો હોય તે કંપનીએ (પેઢી) લોનની પરત ચુકવણી નિર્ણય થતી હોય તે તારીખ પછી, કોઈપણ બેંક અથવા બીજી મંડળીમાંથી લીધેલી કોઈપણ લોનની પરત ચુકવણીમાં કસુર કરેલ ન હોવી જાઈએ.

૧૧. ઉમેદવાર કાયદાની કલમ ૧૧૫ ઝ હેઠળના કોઈપણ ગુનામાં દોષિત ઠરાવેલ ન હોવો જોઈએ.

૧૨. ગુજરાત સહકારી મંડળીઓના કાયદો/અધિનિયમ-૧૯૬૧ કલમ ૧૧૫-(ગ)(૧)(ખ) મુજબ ઉમેદવારનાં પોતાનાં નામે ઓછામાં ઓછી રૂપિયા વીસ હજારની થાપણ બેંકમાં જમા હોવી જોઈએ.

૧૩. જો તેણે બેંકમાં સતત દસ વર્ષથી વધુ સમય માટે ડિરેક્ટર તરીકે ફરજ બજાવેલ હશે અને જો ત્રણ વર્ષનો કૂલિંગ પિરિયડ પૂરો થયો ના હોય તો તે ઉમેદવારી માટે ગેરલાયક ગણાશે.

૧૪. પેટા નિયમોથી નક્કી કરવામાં આવેલ અન્ય લાયકાતો ઉમેદવાર ધરાવતો હોવો જોઈએ.

**૬. ઉમેદવારી પત્રો મેળવવા, રજૂ કરવા, ચકાસણી અને ઉમેદવારી પત્ર પરત લેવા.**

૧. ઉમેદવારી પત્રો ચૂંટણી કાર્યક્રમના સમય પત્રક મુજબ ચૂંટણી અધિકારી અથવા આ માટે ડિરેક્ટરોની બોર્ડ/ચૂંટણી અધિકારી દ્વારા અધિકૃત કરવામાં આવેલ મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી રૂા. ૧૦૦/- રોકડે ભરી મેળવી શકાશે. ઉમેદવારી કરનાર સભાસદે ઉમેદવારી પત્ર રજૂ કરતી વખતે રૂા. ૫૦૦૦/- ચૂંટણી ડિપોઝીટ તરીકે જમા કરાવેલ હોવા જોઈશે. ઉમેદવારનું ફોર્મ નામંજૂર થાય કે પાછું ખેંચવામાં આવે તો ડિપોઝિટ ની રકમ ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ પરત કરવામાં આવશે. ચુંટણીમાં થયેલ કુલ વેલીડ મતદાનના ૧/૫ મત કરતાં ઓછા મત જો ઉમેદવારને મળે તો આ ડિપોઝિટની રકમ જપ્ત કરવામાં આવશે.

૨. જે સભાસદ સામે મૂળ કરજદાર કે કરજદારના જામીન તરીકે વસૂલાત માટેનો દાવો અગર હુકમનામું ઉમેદવારી પત્ર મેળવવાના દિવસ સુધી ઉભેલ હશે અગર ઉમેદવારી પત્ર ભરે તે દિવસ સુધી ઉભેલ હશે તેવા સભાસદ ડિરેક્ટરોની ચૂંટણી માટે કોઇ ઉમેદવારની દરખાસ્ત મૂકી શકશે નહીં કે ટેકો આપી શકશે નહિ.

૩. ડિરેક્ટરોની ખાલી પડેલ જગ્યાઓ પુરવા માટે જેટલા ડિરેક્ટરો ચૂંટવાના હશે તે સંખ્યાથી વધારે ઉમેદવારો માટે કોઈપણ એક સભાસદ દરખાસ્ત અગર ટેકો આપી શકશે નહિ.

૪. ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારી કે ચૂંટણી અધિકારી દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિ પાસેથી જ મેળવેલ હોવા જોઈએ.

૫. ઉમેદવારી પત્રો સંપૂર્ણ રીતે ભરાયેલા હોવા જોઈશે.

૬. ઉમેદવારી પત્રમાં, ઉમેદવારનું પૂરેપુરું નામ, ઉમર, અભ્યાસ, વ્યવસાય સ્પષ્ટ રીતે દર્શાવેલ હોવા જોઈશે અને તેમા મતદાર યાદીમાં જે સભાસદનું નામ હોય તેવા દરખાસ્ત મૂકનાર અને ટેકો આપનાર બંનેની સહી થવી જોઈશે. ઉમેદવાર પોતે બોર્ડમાં કામ કરવા ખુશી છે અને બેન્કના પેટા કાયદા, કાયદો અને નિયમો મુજબ ઉમેદવારી કરવાની પાત્રતા ધરાવે છે તે બદલ સહી કરવી જોઈશે. ઉમેદવારી પત્ર સાથે નિયત નમૂનામાં એફિડેવીટ સ્વરૂપે વિગતો રજૂ કરવાની રહેશે.

૭. ઉમેદવારીપત્રો દરખાસ્ત મૂકનાર કે ટેકો આપનાર ઉમેદવાર વતી મેળવી શકશે. જો કે ભરેલ ઉમેદવારી પત્ર રજૂ કરતી વખતે ઉમેદવારે જાતે હાજર રહેવું પડશે અને પોતાની ઉમેદવારીની સંમતિ બાબતે બેન્કે આપેલ ઓળખ પત્ર બતાવી સહી કરવી જોઈશે જો કોઈ અનિવાર્ય સંજોગોને લીધે ઉમેદવાર હાજર રહી ન શકે તેવા સંજોગોમાં, ઉમેદવારે, ઉમેદવારી પત્ર ઉપર પોતાની સહી ગેઝેટેડ ઓફિસર કે નોટરી પબ્લીક સમક્ષ પ્રમાણિક કરાવવી જોઈશે. અનુસુચિત જાતિ/જનજાતિ માટેની અનામત બેઠક પર ઉમેદવારી કરનાર સભાસદે જાતિનો પ્રમાણિત દાખલો (સરકાર માન્ય / સક્ષમ અધિકારી દ્વારા માન્ય રખાયેલ દાખલો) ઉમેદવારી પત્ર સાથે રજૂ કરવો ફરજિયાત છે.

૮. ઉમેદવારી પત્રો સ્વીકારવા માટે નક્કી થયેલ સમય સુધીમાં મળેલ ઉમેદવારી પત્રોની યાદી ચૂંટણી અધિકારી બેન્કની હેડ ઓફિસ અને શાખાઓના નોટિસ બોર્ડ પર ચૂંટણી કાર્યક્રમ મુજબ પ્રસિધ્ધ કરશે.

૯. ચૂંટણી કાર્યક્રમ મુજબ નિયત સમયે અને સ્થળે ચૂંટણી અધિકારી મળેલ ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરશે. આ ચકાસણી દરમિયાન ઉમેદવાર, દરખાસ્ત કરનાર અને ટેકો આપનાર વ્યક્તિ હાજર રહી શકશે.

૧૦. જો કોઈ ઉમેદવારનું ઉમેદવારી પત્ર રદ કરવા પાત્ર હોય તો જેતે ઉમેદવારને આ બાબતે રજૂઆત કરવાની તક ચૂંટણી અધિકારી આપશે. ઉમેદવારી પત્ર રદ કરવાના કારણો સાથેની હકીકત ચૂંટણી અધિકારી જે તે ઉમેદવારને રૂબરૂમાં અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી જણાવશે.

૧૧. ઉમેદવારી પત્રોની ચકાસણી બાદ, ચૂંટણી અધિકારી કાયદેસર માન્ય રહેલા ઉમેદવારી પત્રોની યાદી બેન્કની હેડ ઓફિસ અને શાખાઓના નોટિસ બોર્ડ પર ચૂંટણી કાર્યક્રમ મુજબ પ્રસિધ્ધ કરશે.

૧૨. ચૂંટણી કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્ર પરત ખેચવાની અંતિમ તારીખ-સમય સુધી ઉમેદવાર પોતાની સહી સાથેનો લેખિત પત્ર રજૂ કરી પોતાની ઉમેદવારી પરત ખેચી શકશે.

૧૩. ઉમેદવારીપત્રો પરત ખેચવાની અંતિમ તારીખ અને સમય પૂર્ણ થયા બાદ, ચૂંટણી અધિકારી જે તે ઉમેદવારોને રાજકીય પક્ષોના માન્ય નિશાન સિવાયના નિશાનની ફાળવણી કરશે પરંતુ જો એક કરતા વધુ ઉમેદવારો ભેગા મળી એક સમાન ચૂંટણી પ્રતિકની માંગણી કરશે તો ફાળવવામાં આવશે અને ચૂંટણી કાર્યક્રમ મુજબ ઉમેદવારોની વિભાગવાર આખરી યાદી બેન્કની હેડ ઓફિસ અને શાખાઓના નોટિસ બોર્ડ પર પ્રસિધ્ધ કરશે.

૧૪. કોઈપણ ઉમેદવાર કે તેમના સમર્થકો મતદાન મથકથી ૧૦૦ મીટર સુધીમાં કે ચૂંટણી અધિકારીએ નક્કી કરેલ હદમાં પ્રચાર કરી શકશે નહીં.

૧૫. બેન્કની હેડ ઓફિસ કે શાખાની કોઈપણ મિલકતનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહી.

૧૬. બેન્કના કોઈપણ કર્મચારી કે અધિકારી કે ચૂંટણી સાથે સંકળાયેલ કોઈપણ વ્યક્તિ ચૂંટણી માટે કોઈપણ ઉમેદવારનો પ્રચાર કરી શકશે નહિ.

**૭. મતદાન અને મતગણતરી**

૧. મતદાન માટે ચૂંટણી અધિકારી જરૂરિયાત મુજબ મતદાન મથકોની વ્યવસ્થા કરશે અને આ મતદાન મથકોએ જરૂરિયાત મુજબના મતદાન માટેના સ્ટાફની વ્યવસ્થા કરશે. મતદાન મથકમાં ઉમેદવાર, તેમના અધિકૃત પ્રતિનિધી કે ચૂંટણી સાથે સંકળાયેલ સ્ટાફ સિવાય કોઈપણને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. દરેક મતદારે મતદાન વખતે બેંકે આપેલ ઓળખ પત્ર કે સરકાર માન્ય ઓળખ પત્ર સાથે રાખવું ફરજિયાત છે. ઓળખ પત્ર વિના કોઈપણ મતદારને મતદાન કરવા દેવામાં આવશે નહીં. જો બેંક ઓળખપત્ર ગુમ થયું હશે કે નાશ પામ્યું હશે તો મતદાનના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં જે તે સભાસદે ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટો રજૂ કરી ડુપ્લીકેટ ઓળખપત્ર બેંકની હેડ ઓફીસમાંથી કામકાજના સમય દરમિયાન મેળવી લેવું જોઈશે.

૩. મતદાન શરૂ કરતાં પહેલા, પ્રિસાઈડિંગ ઓફિસર હાજર રહેલ ઉમેદવારો કે તેમના પ્રતિનિધિઓની હાજરીમાં મત પેટી ખાલી છે તે બતાવશે અને તે બદલ તેમની સહી લેશે ત્યાર બાદ મતપેટી સીલ કરશે. જો કોઈ ઉમેદવાર કે તેમના પ્રતિનિધીઓ સમયસર હાજર નથી રહેતા તો ચૂંટણી માટેના હાજર સ્ટાફની સહી લઈ આ મતપેટી સીલ કરવાની રહેશે.

૪. મતદાન મતપત્રથી થશે અને મતપત્રક સહકારી કાયદાના નિયત નમુના મુજબ છાપેલું હશે.

૫. દરેક મતદારને મતપત્રના કાઉન્ટર ફોઈલમાં સહી અગર અંગૂઠાનું નિશાન કર્યા બાદ મતપત્ર આપવામાં આવશે.

૬. મતપત્ર આપ્યા બાદ ડાબા હાથની પહેલી આંગળી પર સ્યાહીથી નિશાની કરવામાં આવશે.

૭. જે ઉમેદવારને મત આપવા માંગતા હોય તેમના નિશાન પર આપેલ સિકકો લગાવવો. બોલપેન, પેન, પેન્સીલ કે અન્ય કોઈપણ રીતે કરવામાં આવેલ મતના સિક્કાવાળુ મતપત્રક રદ ગણાશે.

૮. જે મતદારને એક કરતાં વધુ મત આપવાનો અધિકાર છે તેવા પેઢીના ભાગીદાર કે કોઈ સંસ્થા કે કંપનીના અધિકૃત મતદારે પહેલી વખત મત આપ્યા બાદ અન્ય મતદાર નંબર / મતદાન નંબરો માટે મતપત્ર આપ્યા પછી જમણા હાથની પહેલી આંગળી અને ત્યારબાદ વધુ મત માટે જમણા હાથની ક્રમશઃ આંગળી પર સ્યાહીથી નિશાની કરવામાં આવશે.

૯. પોતાના મત દર્શાવેલું મતપત્ર મતદાન પેટીમાં નાખવાનું રહેશે.

૧૦. જો કોઈ મતદાર શારિરીક રીતે અશક્ત હોય, નિરક્ષર હોય કે અન્ય કોઈ ખોડને લીધે પોતાનો મત આપી શકે તેમ ન હોય તેને પ્રિસાઈડિંગ ઓફિસરે માન્ય કરેલ વ્યક્તિ મદદ કરશે અને તે મતદાન મથકમાં પ્રવેશી શકશે.

૧૧. કોઈપણ મતદાર કોઈપણ ઉમેદવારને એક કરતાં વધુ મત આપી શકશે નહીં.

૧૨. જે તે વિભાગમાં જેટલા ડિરેક્ટરોને ચૂંટવાના હોય તેટલા જ મત આપવા ફરજિયાત છે તેનાથી ઓછા કે વધુ મત આપવામાં આવશે તો તે મતપત્ર રદ કરવામાં આવશે.

૧૩. જો મતપત્ર પર મતદાર દ્વારા કોઈ ઓળખનું નિશાન કર્યુ હશે કે મત કોને આપ્યો છે તે સ્પષ્ટ ના થતું હોય તો તે મતપત્ર રદ કરવામાં આવશે.

૧૪. મતદાનનો સમય પૂર્ણ થયે મતદાન પેટીને ઉમેદવારો કે તેમના પ્રતિનિધીઓ હાજર હોય તો તેમની હાજરીમાં અન્યથા સ્ટાફની હાજરીમાં મતપેટી સીલ કરવામાં આવશે અને નિયત જગ્યાએ તેને પહોચાડવામાં આવશે.

૧૫. ચૂંટણી કાર્યક્રમ મુજબ મતગણતરી હાથ ધરવામાં આવશે. આ મત ગણતરી દરમિયાન ઉમેદવારને અને તેમના એક એક પ્રતિનિધીને (મત ગણતરીના કાઉન્ટર ટેબલ દીઠ) હાજર રહેવા દેવામાં આવશે.

૧૬. ઉમેદવારોને સીલ બંધ મતદાન પેટી બતાવવામાં આવશે અને તેમની હાજરીમાં આ પેટી કે પેટીઓ ખોલવામાં આવશે અને તમામ મતપત્રો પેટીમાંથી બહાર કાઢી ખાલી પેટી પણ તેમને બતાવવામાં આવશે.

૧૭. રદ કરેલ મતપત્રો માંથી જે મતપત્ર અંગે વાંધો લેવામાં આવેલ હોય તેના પર ચૂંટણી અધિકારી કયા કારણોસર જે તે મતપત્ર રદ કરવામાં આવેલ છે તેનું કારણ ટૂંકમાં નોંધી સહી-સિક્કો કરશે.

૧૮. મત ગણતરી પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારી વિભાગ વાર ચૂંટણીનું પરિણામ જાહેર કરશે જેમાં વધુ મતો મળ્યા હશે તેમને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે. જો સરખા મતો થાય તો ચૂંટણી અધિકારી ચૂંટણીનું પરિણામ ચિઠ્ઠી નાખી કરશે અને ચૂંટણી પરિણામની નકલ બેન્કની હેડ ઓફિસ અને શાખાઓના નોટિસ બોર્ડ પર ચૂંટણી કાર્યક્રમ મુજબ પ્રસિધ્ધ કરશે.

૧૯. ચૂંટણી બાબતે કોઈ સભાસદને તકરાર હોય તો તે સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ અપીલ કરી શકશે.

૨૦. ચૂંટણીનું પરિણામ જાહેર કર્યા બાદ તમામ મતપત્રો, તેને લગતુ સાહિત્ય અને પરિણામ પત્રક સીલ બંધ પેટી કે પેટીઓમાં બેન્કની ઓફિસમાં બે માસ માટે રાખશે. જો આ સમય દરમિયાન ચૂંટણીની કાર્યવાહી કે પરિણામ કે અન્ય કોઈ બાબત અંગે ચૂંટણી વિવાદ/દાવો/અપીલ થયેલ હોય તો તે વિવાદના નિકાલ સુધી આ તમામ મતપત્રો, તેને લાગતું સાહિત્ય અને પરિણામ પત્રક સાચવી રાખવામાં આવશે અને આ વિવાદ/દાવો/અપીલના નિકાલ બાદ તેનો નાશ કરવામાં આવશે. જો આવો વિવાદ/દાવો/અપીલ ન થયેલ હોય તો તમામ મતપત્રો, તેને લાગતું સાહિત્ય અને પરિણામ પત્રક નાશ કરવામાં આવશે.

૨૧. જો કાયદાકીય કે કુદરતી અને અનિવાર્ય સંજોગોને કારણે ચૂંટણી પ્રક્રિયા મોકુફ રાખવાની થાય અને ત્યારબાદ આવી ચૂંટણી પ્રક્રિયા ફરી શરૂ કરવાનું ચાલુ કરવામાં આવે તો જ્યાંથી ચૂંટણી પ્રક્રિયા મોકુફ થઈ હશે ત્યાંથી ફરી ચૂંટણી પ્રક્રિયા ચાલુ કરવાની રહેશે. તે અંગેની વિગતવાર જાણકારી ચૂંટણીનાં ઉમેદવારો તથા સભાસદોને કરવાની રહેશે. અને તે તમામને બંધનકર્તા રહેશે.

૨૨. બેંકને જ્યારે જરૂર જણાય ત્યારે નિયમોમાં ફેરફાર કરવાનો / સુધારા વધારા કરવાનો, ઉમેરો કરવાનો કે રદ કરવાનો અધિકાર રહેશે. આવા સુધારા વધારા માટે બેંકની સાધારણ સભાની મંજુરી લેવાની રહેશે.

# ધી માંડવી નાગરિક સહકારી બેંક લિ.

## બેંકની વિવિધ ધિરાણ યોજનાઓ

| યોજના | વ્યાજ દર |
|---|---|
| સોલાર રૂફટોપ લોન | ૮.૭૫% |
| હાઉસીંગ લોન | ૮.૯૦% |
| ગોલ્ડ બુલેટ લોન | ૯.૫૦% |
| ગોલ્ડ-ટર્મ લોન | ૯.૫૦% |
| એજ્યુકેશન લોન | ૯.૯૦% |
| ફોર વ્હીલર લોન | ૯.૫૦% |
| ફોર વ્હીલર (ઈલેક્ટ્રીકલ) લોન | ૯.૫૦% |
| કોમર્શીયલ વ્હીકલ લોન | ૯.૯૦% |
| ટુ-વ્હીલર (ઈલેક્ટ્રીકલ) લોન | ૯.૯૦% |
| ટુ-વ્હીલર લોન | ૧૦.૯૦% |
| એજ્યુકેશન કોમ્પ્યુટર લોન | ૯.૫૦% |
| કન્સ્યુમર ડયુરેબલ લોન | ૯.૯૦% |
| મશીનરી લોન | ૧૦.૦૦% |
| પ્રોજેક્ટ લોન | ૧૦.૦૦% |
| ધંધાકીય મિલ્કત લોન | ૧૧.૦૦% |
| LIC પોલીસી લોન / ઓ.ડ્રા. | ૮.૯૦% |
| NSC/KVP લોન | ૯.૦૦% |
| મહિલા ઉત્કર્ષ લોન | ૧૧.૦૦% |
| પર્સનલ (પ્રોપર્ટી સામે) લોન | ૧૧.૦૦% |
| જાતજામીન લોન | ૧૩.૦૦% |
| ફીક્સ ડીપોઝીટ લોન / ઓ.ડ્રા. | F.D. Rate+1% |
| NSC/KVP ઓ.ડ્રા. | ૧૦.૯૦% |
| હાઈપોથીકેશન (કેશ ક્રેડિટ) ઓ.ડ્રા. | ૧૦.૫૦% |
| ધંધાકીય લોન / ઓ.ડ્રા. | ૧૧.૦૦% |
| સભાસદ ઓ. ડ્રા. (ધંધા માટે) | ૧૩.૦૦% |

નોંધ :- ૧. તમામ પ્રકારના ધિરાણો કપાત વ્યાજ(ઘટતી જતી મુદલ રકમ પર વ્યાજની ગણતરી) તથા કોઈપણ પ્રકારના ફાઈલીગ/પ્રોસેસીંગ કે પ્રિકલોઝર ચાર્જ વગર ઉપલબ્ધ છે.

૨. સરળ ધિરાણ પ્રકિયા તથા નિયમીત હપ્તા ભરનાર સભાસદને વ્યાજરીબેટની સુવિધા ઉપલબ્ધ છે.

૩. વધુ માહિતી માટે બેંકનો સંપર્ક કરો.

# આપણી નાગરિક બેંક ડિજીટલ બેંક

બેંકનો IFSC Code : GSCB0UTMNBL | બેંકનો GST No : 24AAAAT3034C1Z5

- IMPS (Immediate Payment Service) – Fund Transfer 24 x 7
- BBPS (Bharat Bill Payment System) – Utility Bill Payment
- CTS (Cheque Truncation System) – CTS Clearing
- UPI (Unified Payments Interface) – UPI
- POS & E-COMMERCE
- ATM Green Pin – Self Generate ATM Pin
- SMS – Transaction Alerts by SMS
- Statement on E-Mail
- RTGS / NEFT
- ATM 24 x 7
- Rupay ATM Cum Debit Card
- QR Code G Pay / Phone Pe Etc.
- Mobile Banking
- Safe Deposit Vault
- NACH (National Automated Clearing House) – NACH (Under Process)

- થાપણ પર આકર્ષક વ્યાજનાં દર
- દરેક થાપણદારની રૂા. ૫ લાખ સુધીની થાપણો DICGC દ્વારા વીમાથી સુરક્ષિત છે.
- બેંકમાં બચત / કરંટ / એફ.ડી. / રીકરીંગ ખાતાઓ ખોલાવી વિવિધ બેંકીંગ સેવાઓનો લાભ મેળવો.
- RBI ની માર્ગદર્શિકા મુજબ બેંકનાં ખાતેદારો / લોકર ધારકો / સભાસદોએ C-KYC (know your customer- તમારા ગ્રાહકને ઓળખો) કરાવવું ફરજીયાત છે.
- થાપણ ખાતેદારો, લોકર ધારકો તથા સભાસદોએ નોમિનેશન કરાવવાનો આગ્રહ અવશ્ય રાખવો.
- આકર્ષક વ્યાજનાં દરે (કોઈ પણ પ્રોસેસીંગ ફાઈલ ચાર્જ વગર) ઝડપી અને સરળતાથી વિવિધ ધિરાણોની સુવિધા.
- RUPAY ATM CUM DEBIT CARD તથા મોબાઈલ બેંકીંગની સુવિધા મેળવવા માટે બેંકનો સંપર્ક કરવા વિનંતી છે.
- બેંકમાં "CTS CLEARING" ની ઝડપી સુવિધા ઉપલબ્ધ છે ખાતેદારોના CTS ચેકો તમામ વેપારીઓ તથા સંસ્થા દ્વારા સ્વીકાર્ય છે.
- RBI ની માર્ગદર્શિકા મુજબ ‘‘ Positive Pay ’’ સિસ્ટમ હેઠળ સલામતી માટે રૂા. ૫,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમનાં ચેક ઈસ્યુ કરનાર બેંક ખાતેદારે ચેકની વિગતો (Payee નું નામ, રકમ, ચેક નંબર, તારીખ) બેંકમાં આપવી ફરજીયાત છે.
- આપના Debit Card / Mobile Banking ની માહિતી જેવી કે PIN, OTP, CVV, Card Number, પાસવર્ડ વિગેરેની વિગતો સલામતી તથા સુરક્ષા માટે કોઈ પણ વ્યક્તિ સાથે કયારેય આપ–લે કરવી નહીં.
- ૧૦ વર્ષથી વધુ સમયથી વ્યવહાર ન થતો હોય તેવા તમામ ખાતાની જમા રકમ રીઝર્વ બેંકનાં DEA FUND ખાતે મોકલવામાં આવે છે. જેથી આપના ખાતામાં નિયમીત રીતે (વર્ષમાં ઓછામાં ઓછા એકવાર) નાણાંકીય વ્યવહાર અચુક કરવાનો રહેશે.

Book - Post

To,

શ્રી ........................................................................

........................................................................

........................................................................

If not delivered return to :


**પ્રેષક : ધી માંડવી નાગરિક સહકારી બેંક લિ.**

મેઈન રોડ, માંડવી, જી. સુરત – ૩૯૪ ૧૬૦. ફોનઃ (૦૨૬૨૩) ૨૨૧૦૫૪ / ૨૨૨૦૫૪



મુદ્રક : વેરાયટી કાર્ડ સેન્ટર, સુરતી જકાતનાકા, બારડોલી. ફોન : ૦૨૬૨૨–૨૨૦૬૬૦